



# પિતૃદોષ નિવારણ ઉપાય

**પિતૃ કર્મ માટે વર્ષમાં 12 મૃત્યુ તિથિ, 12 અમાસ, 12 પૂનમ, 12 સંક્રાતિ, 12 વૈધુતિ યોગ, 24 એકાદશી અને શ્રાદ્ધના 15 દિવસ (અત્યારે ચાલે છે) તે મળીને કુલ 99 દિવસ હોય છે... ઉપરાંત કારતક, માગસર, ચૈત્ર મહિનામાં પણ પિતૃઓની વિધિ થાય છે... છતાં લોકો દુ:ખી હોય છે**

જડીબુટ્ટી

નજુમી

» જાતકને ઉચિત સમય આવે ત્યારે પોતાના પુરુષ પુરુષો/ પિતૃઓને આદરપૂર્વક યાદ કરવા જોઈએ. શ્રાદ્ધ માસ આવે ત્યારે તેમનું શ્રાદ્ધ કરવું જોઈએ. દર વર્ષ ભાદરવા માસનો કૃષ્ણ-વદ પક્ષ 'શ્રાદ્ધનો પક્ષ' હોય છે. તેમની તિથિ યાદ ના હોય તો શ્રાદ્ધ અમાસે કરવું જોઈએ. આમ કરવાથી જાતકના પૂર્વજ/ પિતૃ સંતુષ્ટ થઈને તમોને આશીર્વાદ આપે છે.

» તેમના ભટકતા આત્માઓને મુક્તિ મળી જાય છે અને જાતકને આ દોષ પણ શાંત થઈ જાય છે. સ્મરણ રહે કે, સૂર્યની રાહુ/ કેતુ શનિની સાથે જે ભાવમાં યુતિ થતી હોય- તે ભાવ સંબંધિત પિતૃદોષ થાય છે.

» જો કોઈ જાતકની જન્મકુંડળી સૂર્ય-રાહુ, સૂર્ય-શનિ વગેરે યોગોને કારણે પિતૃદોષ હોય, તો તેના માટે નારાયણ બલિ, નાગ પૂજા, પોતાના દિવંગત પિતૃઓનું શ્રાદ્ધ, પિતૃતર્પણ, બ્રહ્મ ભોજન, દાન વગેરે કર્મ કરાવવાં જોઈએ.

» પિતૃદોષ નિવારણ માટે પોતાના ઘરની દક્ષિણ દિશાની દીવાલ પર પોતાના દિવંગત પૂર્વજોના ફોટા લગાડીને તેના પર હાર ચઢાવીને સન્માનિત કરવાં જોઈએ તથા તેમની મૃત્યુ તિથિ પર બ્રાહ્મણોને ભોજન, વસ્ત્ર તેમ જ દક્ષિણા સહિત દાન, પિતૃ તર્પણ તેમ જ શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ.

» જીવિત માતા-પિતા તેમ જ ભાઈ-બહેનોનો પણ આદર-સત્કાર કરવો જોઈએ.

» દરેક અમાસે પોતાના પિતૃઓનું ધ્યાન કરતાં કરતાં પીપળા પર કાચી લસ્સી (દહીં), ગંગાજળ, થોડા કાળ તલ, ખાંડ, ચોખા, પાણી, ફૂલ વગેરે ચઢાવતાં ચઢાવતાં 'ઓમ પિતૃભ્ય: નમ: મંત્ર બોલતાં રહેવું.

» 'પિતૃ સૂક્ત'નો પાઠ કરવો શુભ રહેશે.

» દરેક સંક્રાતિ, અમાસ તેમ જ રવિવારે સૂર્ય દેવને તાંબાના વાસણમાં લાલ ચંદન, ગંગાજળ, શુદ્ધ પાણી રાખીને બીજ મંત્ર 'હ્રીં' બોલતાં બોલતાં ત્રણ વાર અર્ઘ્ય આપવો.

» શ્રાદ્ધ કરવા સિવાય પણ આ દિવસોમાં ગાયોને ચારો ખવડાવવો જોઈએ.

» કાગડા, કૂતરાને પુરી અને ખીર કે દૂધપાક મૂકીને તેમ જ ભૂખ્યાં લોકોને ભોજન કરાવવું જોઈએ.

» શ્રાદ્ધ પક્ષમાં મૃત્યુ તિથિના દિવસે તર્પણ અને પિંડદાન કરવું. બ્રાહ્મણને ભોજન કરાવવું અને વસ્ત્ર/દક્ષિણા વગેરે આપવું.

» જો મૃત્યુતિથિ યાદ ના હોય તો શ્રાદ્ધ પક્ષની અમાસના દિવસે તર્પણ અને પિંડદાન વગેરે કર્મ કરવું.

» દરેક અમાસ- ખાસ કરીને સોમવતી અમાસે પિતૃભોગ આપવો.

» આ દિવસે છાણાંને સળગાવીને તેના પર ખીરની આહુતિ આપવી. ત્યાર બાદ પાણીનાં છાંટા નાખીને હાથ જોડીને અને પિતૃઓને નમસ્કાર કરવા.

- સૂર્યોદયના સમયે સૂર્યને જળ આપવું અને ગાયત્રી મંત્રનો જપ કરવો અને પિતૃ ગાયત્રી મંત્ર યથાશક્તિ જપવો.

» પીપળાના વૃક્ષ પર પાણી, ફૂલ, દૂધ, ગંગાજળ અને કાળા તલ ચઢાવીને પિતૃઓને યાદ કરીને માફી તેમ જ આશિષ માંગવી.

» રવિવારના દિવસે ગાયને ગોળ કે ઘઉં ખવડાવવા.

» લાલ કિતાબ અનુસાર પરિવારમાં લોહીનો સંબંધ છે તે બધા - જેમ કે દાદા, દાદી, માતા, પિતા, કાકા, બહેન, બેટી, ફોઈ, ભાઈ વગેરે પાસે બરાબર-બરાબર રૂપિયા- પૈસા 1,5,કે 10 રૂપિયા લઈને મંદિરમાં દાન કરવાથી- પિતૃઋણમાંથી મુક્તિ મળે છે.

» હરિવંશ પુરાણ, ગરુડ પુરાણ, હેમાદ્રિ શ્રવણ વગેરે શ્રાદ્ધમાં શ્રદ્ધાપૂર્વક વાંચવું જોઈએ અને ગાયત્રી જપ પિતૃ શાંતિ માટે લોકપ્રસિદ્ધ છે.

» શ્રાદ્ધમાં લોકો બ્રહ્મ-ભોજન કરાવીને જ શ્રાદ્ધ કર્યાનો સંતોષ માને છે પરંતુ પિતૃઓને તર્પણ અને પિંડદાન જ્યાં સુધી કરવામાં ના આવે ત્યાં સુધી તમારાં પિતૃઓને સદ્ગતિ કે મોક્ષ મળતો નથી તેથી બીજા બધા વિચારો બંધ કરીને એક વાર સમૂહમાં નહીં, પણ સ્પેશ્યલ સ્વતંત્ર- પોતાની જ નારાયણ બલિ કે પિતૃદોષની વિધિ કરાવવાથી પિતૃઓ ખુશ થઈને તમોને આશીર્વાદ આપે છે અને તમારા ઘરે જીવન મંગલમય થઈ જાય છે. મંગલ પ્રસંગો આવે છે. સંતાન થવાનો પ્રશ્ન પણ દૂર થઈ જાય છે અને સુખી-સુખી થઈ જવાય છે. જ્યારે બીજી તરફ ટૂંકા મગજનાં લોકો ફક્ત બ્રાહ્મણને જમાડીને શ્રાદ્ધ પક્ષ થઈ ગયું એમ માને છે. પરંતુ તે શ્રાદ્ધ અધૂરું ગણાય. પૂર્ણ તો જાણકાર બ્રાહ્મણ પાસે તર્પણ અને પિંડદાન સાથે નારાયણ બલિ કે પંચ બલિ કરાવવાથી જ સંપૂર્ણ શ્રાદ્ધ થયું ગણાય. - પિતૃ કર્મ માટે વર્ષમાં 12 મૃત્યુ તિથિ, 12 અમાસ, 12 પૂનમ, 12 સંક્રાતિ, 12 વૈધુતિ યોગ, 24 એકાદશી અને શ્રાદ્ધના 15 દિવસ (જે અત્યારે ચાલે છે) તે કુલ મળીને 99 દિવસ હોય છે.



# 11 દિવસમાં દરેક કાર્ય-મનોકામના... પૂર્ણ કરતું સ્વર્ણ પરિદેવી યંત્ર




**પ્રાચીન ગ્રંથોમાંથી લેવામાં આવેલા આ એક માત્ર યંત્રને તમે એક વાર નહીં પણ વારંવાર તેનો ઉપયોગ કરી શકો છો**

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

જો તમે ઈચ્છતા હો કે તમારું કોઈ પણ કાર્ય જલદીથી જલદી થઈ જાય તો તમે સ્વર્ણ પરિ દેવી યંત્ર પાસે તે કાર્ય કરાવી શકો છો. માત્ર 11 દિવસની અંદર આ યંત્રના માધ્યમથી સ્વર્ણ પરિ તમારું દરેક કાર્ય કરવામાં સક્ષમ રહે છે. આ યંત્રને સિદ્ધ કરીને આપવામાં આવે છે અને તમારે કશું કરવાનું નથી. ફક્ત તમારે એક કાગળ પર તમારી મનોકામના લખવાની છે અને આ યંત્રની સાથે તેને ફોલ્ડ કરીને 11 દિવસ સુધી સતત રાત્રે સૂતા સમયે તકિયા નીચે રાખવાની છે. આ યંત્રને અભિમંત્રિત કરીને આપવામાં આવશે. તમારું મોટામાં મોટું કાર્ય આ યંત્રના માધ્યમથી 11 દિવસની અંદર સંપૂર્ણ થઈ જશે.

તમે તેને એક વાર નહીં પણ વારંવાર તેનો ઉપયોગ કરી શકો છો. આ પ્રાચીન ગ્રંથોમાંથી લેવામાં આવેલું એકમાત્ર યંત્ર છે. તેનું નામ છે : પરિ પાસે કામ કઢવાનું યંત્ર. મંત્ર છે : ૐ હ્રીં ક્લીં એં પરિદેવી નમ:

કામ સિદ્ધિ, ધન લાભ, રોજગાર તેમજ સફળતા હંમેશા મળે છે... કામમાં વિજય, સુખ, શાંતિ, સમૃદ્ધિ પ્રાપ્ત થાય... જે પણ આ યંત્રનું સ્મરણ કરશે તેનું કાર્ય સિદ્ધ થશે... આ એક પ્રકારનું સર્વ કામ સિદ્ધિ યંત્ર છે. ભરોસો કરનાર કરે છે... પરંતુ ભરોસો કરવો કે ના કરવો તે તમારી મરજી પર છે. ખોટા વિચારો કે ખોટાં કામ માટે આ યંત્રનો ઉપયોગ ના કરવો સલાહભર્યું છે. બાકી જીવનના પ્રશ્નો માટે ચિંતાગ્રસ્ત રહે તેને માટે આ સચોટ ઉપાય છે.

# શ્રાદ્ધમાં તર્પણ... પિંડદાન... બ્રહ્મભોજન કરેલું પિતૃઓ સુધી કેવી રીતે પહોંચે છે? : વૈજ્ઞાનિક રહસ્ય



**પોતાના જિન પિતા વગેરેથી આપણને શરીર પ્રાપ્ત થયું... આપણું લાલન-પાલન થયું... જો તેમનાં નામથી આપણે વિશેષ પાત્રથી સત્કાર ના કરીએ તો તે આપણી કૃતઘ્નતા હશે!! તેમના નામથી દાન કરવાથી પરલોકગત તેમનો આત્મા તૃપ્ત થઈ જાય છે! પિંડદાનથી તેમને કષ્ટમાંથી મુક્તિ થઈ જાય છે**

કાળચક્ર

યજ્ઞાનંદ

પોતાના સ્વર્ગવાસ થયેલાં પિતૃઓને શ્રાદ્ધ, તર્પણ કરવાનું વિધાન દુનિયાના લગભગ બધા ધર્મોમાં જોવા મળે છે. આ ધાર્મિક વિધાન પાછળ શું રહસ્ય છે? શું વૈજ્ઞાનિકતા છે? તે કેમ કરવામાં આવે છે? આવો... તે જાણવાનો પ્રયાસ કરીએ.

જેમ હજારો કોસનો શબ્દ રેડિયો દ્વારા તત્ક્ષણ સર્વત્ર પ્રાપ્ત થઈ જાય છે એવી જ રીતે મનના સંકલ્પ દ્વારા વિધિ તેમ જ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલું 'શ્રાદ્ધ' વગેરે ક્રિયાઓ પણ ચંદ્રલોકમાં રહેતાં પિતૃઓને પ્રાપ્ત થઈને તેમને ખુશ કરે છે.

ચંદ્ર મનનો અધિષ્ઠાતા છે.

તે આપણાં મનમાં સંકલ્પથી જ કરેલી ક્રિયાઓને નિત્ય પિતૃઓ દ્વારા 'સૂક્ષ્મતાથી' પોતાના લોકમાં ખેંચીને આપણા પિતૃઓને તૃપ્ત કરે છે.

મન દ્વારા આપેલાં અન્ન અને જળને તે સૂક્ષ્મ રૂપે આકૃષ્ટ કરે છે.

શ્રાદ્ધ – પિતા, પિતામહ, પ્રપિતામહ – આ ત્રણ પુરુષોનું હોય છે. શ્રાદ્ધમાં સદાચારી, તપસ્વી, વિદ્વાન, સ્વાધ્યાયશીલ 'સદ્ બ્રાહ્મણ'ને જ ભોજન કરાવવાનો મનુસ્મૃતિ વગેરેમાં આદેશ છે, કારણ કે એવા બ્રાહ્મણની પ્રસન્નતાથી જ પ્રેતયોનિ પ્રાપ્ત જીવની સદ્ગતિ થાય છે.

શ્રાદ્ધ બિલકુલ રહસ્યપૂર્ણ, સોપપત્તિક તેમજ વિજ્ઞાનપૂર્ણ છે. આ વિજ્ઞાન તત્ત્વ પર અહીં થોડોક વિચાર કરવામાં આવે છે.

ભાદરવા માસની કૃષ્ણ પક્ષની મૃતક તિથિઓમાં બધાં મૃતક પિતૃઓનાં શ્રાદ્ધ કરવામાં આવે છે. તેમાં વિજ્ઞાન એ છે કે, 'આ દિવસોમાં ચંદ્ર અન્ય મહિનાઓ કરતાં પૃથ્વીની નજીક આવે છે.' આ કારણે તેમની આકર્ષણશક્તિનો પ્રભાવ પૃથ્વી તથા તેમાં રહેલાં પ્રાણીઓ પર વિશેષ પડે છે ત્યારે જેટલાં સૂક્ષ્મ-શરીરવાળા જીવ ચંદ્રલોકના ઉપરી ભાગમાં રહેલા પિતૃલોકમાં જવા માટે ઘણા સમયથી ચાલી રહ્યા હોય છે અને ચાલી પડ્યા હોય છે... તેમનો ઉદ્દેશ તેમનાં સંબંધીઓ દ્વારા આપવામાં આવેલા પિંડ પોતાના અંતર્ગત સોમ કે અંશથી તે જીવોને આધ્યાયિત કરે છે... તેમાં વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન કરીને... તેમને શીઘ્ર અને અનાયાસ જ, અર્થાત્ પોતાની મદદ વગર જ પિતૃલોકમાં પ્રાપ્ત કરાવી દે છે - ત્યારે તે પિતૃઓ પણ તેમની એક સહાયતા- મદદ મેળવીને તેમને હૃદયથી - સમૃદ્ધિ તથા વંશવૃદ્ધિના આશીર્વાદ આપે છે. પિંડ દાનથી કષ્ટમુક્તિ મળે છે.

જે જીવ પિતૃલોકને પ્રાપ્ત થઈ જાય છે - તેના માટે આપેલા પિંડો અને બ્રાહ્મણ ભોજનનો સૂક્ષ્માંશ તેમની પાસે પહોંચીને તેને આધ્યાયિત કરે છે... જેનાથી તે સુખ પ્રાપ્ત કરી પિંડદાતા તથા શ્રાદ્ધકર્તા પુત્રો વગેરેને આશીર્વાદ આપે છે.

દર વર્ષે શ્રાદ્ધના માસમાં તેમ જ તિથિમાં જે શ્રાદ્ધ કરવામાં આવે છે... તેનું કારણ એ છે કે, ચંદ્ર માસની તથા ચંદ્રગતિ અનુસાર તિથિ હોય છે

તેમાં ચંદ્રલોકમાં તે પિતૃ માર્ગ અને સ્થાનમાં રહેલાં હોય છે. જ્યારે તે મરીને તે તિથિમાં, તે માર્ગ કે સ્થાનને પ્રાપ્ત થયા હતા. ત્યારે તે સૂક્ષ્માગ્નિથી પ્રાપ્ત કરેલા શ્રાદ્ધના સૂક્ષ્માંશને અનાયાસ પ્રાપ્ત કરી લે છે. એટલા માટે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કહ્યું છે કે:

મૃતેઽહનિ પ્રકર્તવ્યં પ્રતિમાસં તુ વત્સરમ્।
પ્રતિસંવત્સરં ચૈવમાદ્યમેકાદશેઽહનિ॥

હવે તેમાં કરવામાં આવેલાં કર્તવ્યની વિજ્ઞાનપૂર્ણતા જુઓ:

શ્રાદ્ધના સમયે પૃથ્વી પર કુશ (દર્ભ) રાખવામાં આવે છે અને કુશો પર યવ-ચોખા વગેરેના પિંડ રાખવામાં આવે છે. પિંડોમાં જવ, તલ, દૂધ, મધ અને તુલસીપત્ર મૂકવામાં આવે છે ત્યારે શ્રાદ્ધકર્તા નિત્ય પિતૃઓ, યમ અને પરમેશ્વરનું ધ્યાન કરે છે, તેમ જ આચાર્ય વેદ-મંત્રોનું ગંભીર સ્વરથી ઉચ્ચારણ કરે છે.

ચોખામાં ઠંડી વીજળી અને જવમાં ઠંડી વીજળી હોય છે, તલમાં ગરમ વીજળી હોય છે અને દૂધમાં પણ ગરમ વીજળી હોય છે. તુલસીપત્રમાં બંને પ્રકારની વિદ્યુત હોય છે.

સાધારણ મનુષ્ય જ્યારે સાધારણ વચન બોલે છે - તો તેના શરીરમાં ન્યૂન વિદ્યુત ઉત્પન્ન થાય છે. જ્યારે કોઈ વેદવિત્ કર્મકાંડી નિયત પદ પરિપાટીવાળા પિતૃગણો સંબંધિત વેદમંત્રોને બોલે છે - ત્યારે તેના નાભિ-ચક્રમાંથી સમુત્થિત વાયુ પુરુષના શરીરમાં ઉષ્ણ વિદ્યુત ઉત્પન્ન કરીને તેને શરીરમાંથી બહાર કાઢે છે. બીજી તરફ વેદના શબ્દો દ્વારા વિદ્વાન બ્રાહ્મણના શરીરમાંથી અલૌકિક વૈદિક ક્રિયાસિદ્ધ વિદ્યુત પણ પિંડોમાં પ્રવેશ કરે છે.

જો કોઈ શંકા કરે કે, મૃત પ્રાણીને શ્રાદ્ધ કેવી રીતે મળે? બીજી તરફ જીવિત પણ બીજાનું ખાધેલું મેળવી શકતા નથી!!

તો આ વાત પર બધાએ જાણવું જોઈશે કે, તર્પણનું જળ કે શ્રાદ્ધના અન્નને જીવિત પુરુષ સ્થૂળ શરીર-શરીરમૂલક અશક્તિના કારણે ખેંચી શકતું નથી. પરંતુ મૃતક તો સૂક્ષ્મ પિતૃશરીરને પ્રાપ્ત કરીને આકાશમાં સૂક્ષ્મતાથી મૂકેલી વસ્તુ ખેંચી શકે છે. તેનું ઉદાહરણ રેડિયોથી લઈ શકીએ છીએ. જેની પાસે આ યંત્ર હોય છે તે અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મની વગેરે અન્ય કોઈ પણ દેશના શબ્દોને ખેંચી શકે છે. પરંતુ જેની પાસે આ યંત્ર ના હોય - તે એવું નથી કરી શકતો. સૂક્ષ્મ રૂપે ગ્રહણ કરવાની શક્તિ જીવિત પ્રાણીઓમાં - સૂક્ષ્મ શરીરના રૂપમાં આ શક્તિ રહે છે.

અને તે સૂક્ષ્મ રૂપે બધું જ પ્રાપ્ત કરી શકે છે.

આધુનિક વિજ્ઞાન પણ આધાર તેમજ માધ્યમને સંપૂર્ણપણે માને છે. ટેલિપથીમાં આ વિજ્ઞાન નથી તો બીજું શું છે? આ શાસ્ત્રીય વિજ્ઞાનના પ્રત્યક્ષ ચમત્કારનો અવસર અમોને એ સમયે જોવા મળ્યો... જ્યારે કેટલાંય વર્ષ પહેલાં વિંધ્યાચલમાં એક સિદ્ધ મહાત્મા પધાર્યા હતા. તેમની પાસે સાપ કરડેલા વ્યક્તિને ઠીક કરવાની ચમત્કારિક કે દૈવી શક્તિ હતી. પછી તે કેટલાંય દૂર કેમ ના હોય? જો કોઈ વ્યક્તિ તેમની પાસે આ આશયની ખબર લાવે તો, મંત્ર બોલીને તેના કાન પર જોરથી થપ્પડ મારતા હતા. બીજી તરફ તે વ્યક્તિ ઠીક થઈ જતા હતા. સમાચાર આપનાર વ્યક્તિને જ માધ્યમ બનાવીને તેને ઠીક કરી દેતા હતા. જો એવા સર્પદંશિત વ્યક્તિ તેમની પાસે કોઈ કારણસર લાવી ના શકાય તો મહાત્માજીનું કહેવું હતું કે માધ્યમના આધાર પર તેમજ વાયુ તરંગના આધારે તેનો સૂક્ષ્મ સંપર્ક રહે છે. સમસ્ત વાયુમંડળમાં પોતાનો સંપર્ક બરાબર જાળવી રાખે છે.

આ શ્રાદ્ધીય શક્તિ ઋષિ મુનિઓએ હજારો વર્ષની તપસ્યા, યોગ વગેરેના બળ દ્વારા પ્રાપ્ત કરી છે. તેનું કોઈ પણ શાસ્ત્રજ્ઞ વિદ્વાન ખંડન કરી શકે નહીં.

જો પિતૃઓ પિતૃલોકમાં ના હોય તો કોઈ શક્તિ નથી રાખતા કે તેઓ સૂક્ષ્મ રૂપ બનીને બ્રાહ્મણ ભોજન કરતાં બ્રાહ્મણોના શરીરમાં પ્રવેશ કરી શકે, પરંતુ તે કોઈ અમનુષ્યાદિના સ્થૂળ શરીરની યોનિને પ્રાપ્ત કરી ચૂક્યા હોય... ત્યારે આપણા દ્વારા આપેલા શ્રાદ્ધનાં અન્નને વસુ, રુદ્ર, આદિત્ય જ આકૃષ્ટ કરીને તે સ્થૂળ યોનિવાળા પિતૃઓને સોંપે છે. આ પ્રકારે મૃત શ્રાદ્ધ રહસ્યપૂર્ણ, વિજ્ઞાનપૂર્ણ સિદ્ધ છે.

# શ્રાદ્ધ પક્ષમાં નારાયણ બલિ... પંચ બલિ કરાવવાથી જીવનની બધી જ સમસ્યાઓ દૂર થાય છે

**આધિ, વ્યાધિ, ઉપાધિ... આર્થિક, શારીરિક, માનસિક તકલીફો જો તમે ભોગવતા હો તો ફક્ત બ્રાહ્મણ જમાડીને શ્રાદ્ધ કરીને ખુશ થાવ છો તે ખોટું છે. પૂર્વજો... પિતૃઓને તર્પણ.. પિંડદાન વગેરે શાસ્ત્રોક્ત વિધિસર ચાંણોદ ખાતે કરાવવાથી જ તેમાંથી છુટકારો મળે છે**

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

મૃત્યુ પછી જ્યારે બધી ક્રિયાઓ પૂરી થાય તે પછી તેના કર્મ પ્રમાણે 'જીવાત્માની ગતિ' થાય છે. જે જીવાત્માની 'સદ્ગતિ' - 'સારી ગતિ' થાય તેમનો કોઈ પ્રશ્ન હોતો નથી.પરંતુ કેટલાક જીવોની 'અ-સદ્ગતિ' થાય છે. 'અ-સદ્ગતિ' થવાનાં અનેક કારણો હોય છે. પણ જો કોઈ જીવાત્માની અ-સદ્ગતિ થઈ હોય તો તેમાંથી છૂટવા- મોક્ષ મેળવવા.. સદ્ગતિ પામવા- આ જીવ પોતાનાં કુટુંબીઓને જુદી જુદી રીતે પરેશાન કરે છે...

માંદગી, ધંધામાં તકલીફ, ખરાબ સંતાનો, સંતાનોને પીડા, ખરાબ સ્વપ્નો આવવાં વગેરે જાત-જાતની તકલીફો આપીને- આ જીવાત્મા 'પોતાની હાજરી' અને 'પોતાની ઈચ્છા' દર્શાવવા પ્રયત્ન કરે છે.

તકલીફ ભોગવનાર માણસ તો આ બાબતમાં કાંઈ સમજી શકતો નથી. તેથી તે પોતાના પુરોહિત, ગોર અથવા જ્યોતિષી કે પછી તાંત્રિક પાસે જાય છે. આ જ્ઞાની પુરુષ તકલીફનું કારણ શોધીને ઉપાય બતાવે છે: પિતૃદોષ આ પિતૃઓની શાંતિ માટેના પાંચ ઉપાયો શાસ્ત્રમાં બતાવ્યા છે. આ ઉપાયો કરવા માટે શું વિધિ કરવી પડે તેનું અહીં વર્ણન તેમ જ વિધિ આપેલાં છે. વિદ્વજ્જનો જાણે જ છે કે, મરણ પામેલા વ્યક્તિને માટે તેનાં મરણ પછી જે-જે ક્રિયાઓ થાય છે- તે બધી જ ક્રિયાઓને 'ઉત્તરક્રિયા' તરીકે કહેવાય છે. આ ઉત્તર ક્રિયાના પ્રસંગે અગિયારમાના દિવસે જે ક્રિયા થાય છે- તે ક્રિયાની અંતર્ગત નારાયણ બલિ નામનો વિધિ આવે છે. આ વિધિ થાય એટલે મરનાર વ્યક્તિનો મોક્ષ થાય છે. મૃતકના મોક્ષ માટે જ સઘળી ક્રિયાના અંતમાં 'મોક્ષ પિંડ' નામથી 'પિંડદાન કરવામાં આવે છે.

**બલિ પંચક-** ભૂતબલિ, પ્રેતબલિ, સર્પબલિ, કાકબલિ અને નારાયણ બલિ. આ પાંચ પ્રકારના બલિ પ્રયોગોને 'પંચબલિ' અથવા 'બલિ પંચક' કહેવાય છે. આ બલિ વિવિધ કારણોસર કરવામાં આવે છે. તો હવે ક્યો બલિ ક્યા કારણથી કરવામાં આવે છે. તે જોઈશું.

**પિતૃ બલિ (નારાયણ બલિ)-** જ્યારે કોઈ માણસ- આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરેમાં અટવાઈ જાય અને તેને કોઈ માર્ગ ન સૂઝે ત્યારે તે કોઈ વિદ્વાન બ્રાહ્મણ પાસે અથવા જ્યોતિષી પાસે જઈને પોતાની વ્યથા રજૂ કરે છે અને તે પોતાની ઉપાધિમાંથી છૂટવાનો માર્ગ પૂછે છે.

આ વખતે પેલા વિદ્વાનને એમ જણાય છે કે, આ ભાઈને તેમના પિતૃઓ જ હેરાન કરે છે.. કારણકે પિતૃઓ તેમનાથી નારાજ છે. આવા સમયે પેલા વિદ્વાન પૂછનારને તેના પિતૃઓની તૃપ્તિ અને શાંતિ માટે પિતૃ બલિ કરવાનું જણાવે છે. આ પિતૃ બલિ એટલે જ નારાયણ બલિ.

ઘણી વાર 'સંતાનપ્રાપ્તિ' માટે પણ આ વિધિ કરવામાં આવે છે. વળી, કેટલાંક સંપન્ન માણસો પોતાની શક્તિ હોય તો પોતાનાં પિતૃઓની પોતાના ઉપર જે દયા છે- તેના ઋણમાંથી છૂટવા વગર કારણે જ માત્ર પિતૃઓને વધારે પ્રસન્ન કરવા માટે પણ આ નારાયણ બલિનો વિધિ કરે છે.

**પ્રેત બલિ-** ક્યારેક પોતાના ઘરમાં કાયમી મંદવાડ રહેતો હોય, પત્ની અથવા ઘરની સ્ત્રીઓ પીડાતી હોય, ખરાબ સ્વપ્ન આવતાં હોય- આવા સમયે જ્ઞાની જ્યોતિષી સારી રીતે અભ્યાસ કરીને એમ બતાવે છે કે, ''આ કોઈ મરણ પામેલ વ્યક્તિનો આત્મા ભટકે છે- તે તમને પજવે છે. પરંતુ હવે આ આત્મા કોણ છે- તે જાણવાનું શક્ય હોતું નથી.

પોતાનાં ઘરના મરણ પામેલાં... કુટુંબી કે અન્ય સંબંધીઓ અથવા રસ્તે જતા કોઈ પણ વ્યક્તિનો રઝળતો આત્મા 'પ્રેત' કહેવાય છે. આવા આત્મા- પોતાની અધૂરી વાસના પૂર્ણ કરવા માટે કોઈ પણ નબળાં મનના માણસનાં શરીરમાં પ્રવેશ કરે છે... અને તે દ્વારા પોતાની વાસના સંતોષવા પ્રયત્ન કરે છે. આથી આવા સમયે તે અજાણ્યા (અજ્ઞાત) પ્રેતની તૃપ્તિ માટે આ 'પ્રેત-બલિ' કરવામાં આવે છે.

**ભૂત બલિ** - 'ભૂત' અને 'પ્રેત' એ બંને શબ્દો લગભગ એક જ અર્થમાં વપરાય છે. પરંતુ અહીં ભૂત શબ્દથી એમ માનવામાં આવે છે કે... સમસ્ત સૃષ્ટિમાં વસતા કોઈ પણ મનુષ્ય, પશુ, પ્રાણી, જળચર, પક્ષીઓ વગેરેમાંથી મરણ પામીને પોતાની અતૃપ્ત વાસનાના કારણે તે 'તિર્યક્ યોનિ'માં જાય છે. આ પ્રકારના જીવાત્માને ભૂત કહેવાય છે. હવે આ પ્રકારના કોઈ જીવાત્મામાંથી મનુષ્ય જો હેરાન થાય છે એવું નિદાન થાય ત્યારે તેના માટે 'ભૂત બલિ'નો વિધિ કરવામાં આવે છે.

**સર્પ (નાગ) બલિ-** મનુષ્યે આ જન્મમાં અથવા આની પહેલાંના કોઈ જન્મમાં સાપ અથવા નાગને મારી નાખ્યો હોય, કે પીડા કરી હોય તો તેનો દોષ લાગે છે. પોતાના પુણ્ય જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી તો આ દોષની કોઈ ખરાબ અસર ન જોવાય.. પણ જ્યારે પુણ્ય પરવારી જાય ત્યારે આ દોષ તેનું મહત્ત્વ બતાવે છે! આ 'સર્પનો જ દોષ છે'- એવું કોઈ સારા વિદ્વાન જાણકાર જ બતાવી શકે. આ દોષના નિવારણ માટે આ 'સર્પ બલિ' અથવા 'નાગ બલિ'નો વિધિ કરવાનો હોય છે.

**કાક બલિ-** કાક (કાગડો): શ્રાદ્ધમાં તેનું ધાર્મિક મહત્ત્વ તો છે જ... પણ તેથી પણ વધારે વ્યાવહારિક અને લૌકિક મહત્ત્વ વધુ છે. આપણી એક એવી માન્યતા છે કે, જ્યારે પિતૃઓને પિંડ અથવા ભોજન અપાય છે ત્યારે તેઓ વાયસ (કાગડા)ના સ્વરૂપમાં આવીને તેનો સ્વીકાર કરે છે અથવા કાગડાના માધ્યમથી આપેલા પદાર્થ પિતૃઓને પહોંચે છે તેથી જ પિતૃકાર્યમાં હંમેશા વાયસ બલિ આપવાનો ઉલ્લેખ છે.



કાકોસિ યમદૂતોસિ ગૃહાણ બલિમુત્તમમ
યમ દ્વારે ગતે પ્રેતે તમાપ્યાયત્તુ મર્હસિ

પણ કાક બલિનો અલગ વિધિ થતો નથી.

આમ, આપણે પાંચેય પ્રકારના બલિ વિશે જાણ્યું.

*****

જ્યારે મનુષ્ય વિવિધ તકલીફો ભોગવતો હોય અને તેનું કોઈ દૈવી પ્રકોપનું કારણ ન જણાય ત્યારે આવા સમયે પ્રેતદોષાદિનો જ વિચાર આવે. હવે પિતૃ, પ્રેત, ભૂત, નાગ વગેરેમાંથી કોનો દોષ છે- તે વિચારવું પડે અને તેને લગતો બલિ પ્રકાર કરવો જોઈએ. વળી, અનેક પ્રયત્નો કરવા છતાં સાચું કારણ ન જ જડે ત્યારે પાંચેય બલિ- પંચ બલિ કરવા સિવાય છૂટકો નથી. ચાંણોદ ત્રિવેણી સંગમ ખાતે અમે નારાયણ બલિ અને પંચ બલિ વિધિ ઘણી વ્યક્તિઓને શાસ્ત્રોક્ત અને જાણકારી મુજબ વર્ષો સુધી કરાવી છે અને તેનાં ઝડપથી અને સારાં પરિણામો આવ્યાં છે... તેમનાં અટકેલાં કામો પણ ફટાફટ થવા લાગે છે.